# બાળવાર્તાકાર: રમણલાલ સોની

પ્રા. ડૉ. સંકેત રમેશચંદ્ર પારેખ
ડી.એન.પી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા, જી.બનાસકાંઠા

વિશ્વસાહિત્યની શ્રેષ્ઠતમ કૃતિઓનો અનુવાદ કરનાર રમણલાલ સોનીનો જન્મ ૨૫/૦૧/૧૯૦૮ ના રોજ કોકાપુરામાં (તા.મોડાસા) થયો હતો. તેમના પિતા પિતાંબરદાસ, માતા જેઠીબા. પ્રાથમિક શિક્ષણ કોકાપુરમાં તેમજ માધ્યમિક શિક્ષણ મોડાસામાં લીધું હતું. ઉચ્ચ શિક્ષણ તેમણે ગુજરાત વિદ્યાપીઠમાં મેળવ્યું હતું. રમણલાલ સોની કાકાસાહેબ કાલેલકરના પ્રિય વિદ્યાર્થી હતા.

માત્ર ૧૨વર્ષની વયથી શ્રી રમણલાલ સોનીએ જીવનપર્યન્ત ખાદી ધારણ કરી હતી. ૧૯૨૮માં ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષક તરીકે જોડાયા બાદ ૧૯૩૦માં મોડાસામાં શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યા બાદ એ જ હાઈસ્કુલમાં આચાર્ય તરીકે સ્વૈચ્છિક નિવૃત થયા. સ્વૈચ્છિક નિવૃત્તિ પણ તેમણે સાહિત્યિક પ્રવૃત્તિમાં વધુ સમય આપી શકે તે માટે લીધી હતી. તેમનું બાળસાહિત્યમાં અને બંગાળી સાહિત્યના અનુવાદમાં પ્રશંસનીય પ્રદાન રહ્યું છે. તેમની સાહિત્ય પરત્વે એટલી તો અભિરુચી હતી કે ૮૦ વર્ષ બાદ આંખ ઘણી નબળી થઇ અને પછી સાવ દ્રષ્ટીહીન થયાં છતાં લેખનકાર્ય ચાલું રાખ્યું હતું બંગાળી સાહિત્યની ઉત્તમ કૃતિઓનાં અનુવાદક તરીકે એમનું અનેરું- અદકું સ્થાન છે.

શ્રી રમણલાલ સોનીએ અનુવાદક તરીકે તેમજ બાળસાહિત્યના પ્રદાનને અનુલક્ષી ઘણા એવોર્ડ તેમજ પારિતોષિકો મેળવ્યા છે. મોડાસા કોલેજમાં તેમના નામથી હોલ બનાવવામાં આવ્યો છે. ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી ૧૯૮૫માં તેમના શ્રેષ્ઠત્તમ બાળસાહિત્યના પ્રદાનની કદર રૂપે ગિજુભાઇ બધેકા સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. આ જ સાલમાં સાહિત્ય અકાદમી , દિલ્હી તરફથી અનુવાદ પારિતોષિક મેળવે છે. તેમજ ૧૯૯૬ માં ગુજરાત સાહિત્ય સભા તરફથી રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૯૯ માં ગુજરાત રાજ્ય તરફથી ગૌરવ પુરસ્કારથી તેમને સન્માનિત કરવામાં આવે છે.

તેમની દરેક વાર્તા રમુજી અને પાછી બોધ-જીવનબોધ આપનારી બની રહે છે. એમની પાસે વર્તાલેખનની કહો કે વાર્તાકથનની આગળ કળા છે. વાર્તાના વિષયની પસંદગી અને રજુઆત એ સર્વમાં તેમની કળા ખીલી ઊઠે છે. તેમની મુખ્ય ખુબી વાર્તામાં વિષયથી દુર નીકળી જતા નથી , પરંતુ વિષયમાં સીધો પ્રવેશ કરી ઘટનાઓને ગૂંથે છે. સાક્ષરશ્રી નગીનદાસ પારેખના શબ્દોમાં “તેમની રચનાઓ ભાવ અને ભાષા બંને દ્રષ્ટિએ આસ્વાદ્ય બને છે.”

શ્રી રમણલાલ સોની આયુષ્યના છેક શતાબ્દી વર્ષમાં પ્રવેશ્યા ત્યાં સુધી લખ્યાં કર્યું. તેમજ કોઇ પુસ્તકની નવી આવૃત્તિ વખતે પણ કાંટ-છાંટ કર્યા કરી. ‘રાખનાં પંખી’ માં એમણે લખ્યું છે ‘વાર્તા ભાષાશિક્ષણનું અને સાહિત્યમાં પ્રવેશવાનું શ્રેષ્ઠ

માધ્યમ છે. વાર્તા બાળકને વિવિધ પાસાનું દર્શન કરાવી એમનામાં સંસ્કારસિંચન કરે છે, એનાં વિવેકબુદ્ધિ વિકસાવે છે, શુદ્ધ કરે છે અને દૃઢ કરે છે."

"વાર્તા સમગ્ર શિક્ષણનું અમોઘ ઓજાર છે."

ઉપર્યુક્ત સુત્રોને ધ્યાનમાં રાખીને એમણે ગુજરાતમાં બાળકો માટે સંસ્કાર તથા કેળવણીને ધ્યાનમાં રાખીને વાર્તા – કવિતાઓનો ખજાનો ભરી દીધો છે.

બાળસાહિત્યમાં એમણે ગલબા શિયાળનાં પરાક્રમો નિમિત્તે આધુનિક પંચતંત્ર જ રચ્યું છે. ગલબા શિયાળ, છોટુ સસલો, વલવો વાઘ, પપુડો વાંદરો,શકરો વરુ, બૂચલો ગધેડો, હેમલો હાથી , આમ નાનામોટાં પ્રાણીઓને જ વાર્તાના યાદગાર પાત્રો બનાવી દીધાં. એક રીતે તો તેમણે પ્રાણીઓનો ઉપયોગ કરી બાળકોને સનાતન મુલ્યો-સત્યો ચીંધવાનું કામ કર્યું છે. અને આ પ્રકારની વાર્તાઓ દ્વારા બાળકોના મનમાં પ્રાણીસૃષ્ટિ પ્રત્યે આત્મીયતા પણ જગવી છે. લેખક નું માનીતું-ચહીતું પાત્ર ગલબો શિયાળ છે.આમતો અન્ય પ્રાણીઓની સરખામણીએ શિયાળની છાપ લુચ્ચાં પ્રાણી તરીકેની પણ ગલબાને શેરને માથે સવાશેર હોવાનો અનુભવ મળે છે. "ગલબાને માથાનો મળે છે." માં ચટપટ ઉંદર ગલબાની પીઠ પર સવાર થઇ મામાના ઘેર પહોંચી જાય છે અને ઉંદરને ઓહિયાં કરવાની ગલબાની મેલી મુરાદ મનમાં ને મનમાં જ રહી જાય છે. "ગલબો વરુની જીભ ટિપાવે છે." માં ગલબો એની અક્કલનો સદ્‌પયોગ કરી વરુને ઠીક કરે છે. આમ એ નિર્બળ પણ સબળ ઠરે છે.અને શરીરે દુર્બળ એવા બાળકના ચિત્તમાં આવી વાર્તાઓ જુસ્સાનો , બળનો, આત્મવિશ્વાસનો સંચાર અવશ્ય કરે છે.

વાણિયાની સોપારી, પકડ કાન, મલકો વાણિયો વગેરે રમુજકથામાં સર્જકે ચતુરાઇ ભેગો મૂલ્યબોધ પણ વણી લીધો છે. રમણલાલ સોની વિશે કાકા કાલેલકર કહે છે તે યથાર્થ જ છે , "ઉપદેશ આપનારા ઘણા હોય છે, પણ વાચકના આનંદનાં સ્થાનો સમજીને સમભાવપૂર્વક એમને એ ખોરાક પુરો પાડનાર વિરલ હોય છે. બાળકોને પોતાની જણાય એવી કવિતાઓ અને વાર્તાઓ લખવામાં રમણલાલની પ્રતિભા ફાવી ગઇ છે." વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ પણ કહે છે "એમના વાર્તાલેખનની આગવી કળા છે." તેઓ બાળવાર્તામાં વાર્તારસ જમાવવાની સાથોસાથ બાળકોના ચિત્રને વશ કરે તેવાં જોડકણાં યથાસ્થાને મૂકે છે. દૃષ્ટાંત તરીકે જોઇએ તો, "લાડુની જાત્રા અને બીજી વાર્તાઓ" સંગ્રહમાં લીધેલી વાર્તાઓ ગંગલી, રૂપિયાવાળી ચકલી વગેરેમાં તાજગીભર્યા જોડકણાં મળે છે.

રમણલાલ સોનીની વાર્તાઓમાં પશુપંખી સિવાય કેવળ માણસ જ પાત્ર હોય તેવી ત્રીસેક વાર્તાઓ છે. જેમ કે – ચતુર ખેડૂત , લોભી બ્રાહ્મણ-બ્રાહ્મણી આદિ. આ વાર્તાઓમાં આપણી આજુબાજુનાં સમાજમાં વિવિધ કોમ-જ્ઞાતિનાં પાત્રો પોતપોતાની માનસિકતા પ્રગટ કરે છે. વાણિયો, સાધુ, બ્રાહ્મણ ને કુંભાર – આ બધાં પાત્રોની વાર્તાઓ મનુષ્યની પ્રવૃત્તિઓની વિવિધતાઓની સારી-નરસી બાજુઓ રજૂ કરતી ઉત્તમોત્તમ વાર્તાઓ છે. આ વાર્તાઓના માધ્યમથી બાળકોને પ્રામાણિકતા, પરોપકારવૃતિ, શ્રમનો મહિમા, ઔદાર્ય, સમભાવ શીખવે છે. માનવ માત્ર સંપૂર્ણ નથી. તેનામાં સારપ છે, તેની સાથોસાથ સ્વાર્થ, મૂર્ખતા, અહંભાવ આદિ અવગુણો પણ હોય છે. કિંતુ માણસે આ બધા દુર્ગુણો પર

વિજય મેળવી સાહસ કેળવવાની છે તે શ્રી રમણલાલ સોનીની વાર્તાઓનો જીવનમંત્ર છે. સુન્દરમ્ના શબ્દોમાં સમજીએ તો- "ગુજરાતને આવા લેખક મળ્યા એ સરસ્વતીની મહાકૃપા છે."

દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત 'રામરાજ્યનાં મોતી' આ સંગ્રહની ઉત્તમ વાર્તાઓમાંની એક છે. એક કાગડા દ્વારા સમગ્ર વાર્તાની અભિવ્યક્તિ થઈ છે. રામરાજ્યનો કર્તા અન્ય રાજકર્તાઓ અને રાજપુરૂષો કેવા ધુર્ત, અભિમાની હોય છે. તે વાત અસલ રામરાજ્યની પ્રમાણિકતા સાથે તુલનામાં મુકી છે. એમની વાર્તાઓમાં શુભ-અશુભ વચ્ચે સંઘર્ષ ચાલે છે અને અંતે શુભનો વિજય થાય છે.

ઈ.સ.૧૯૮૪માં કવિ શ્રી મકરન્દ દવેએ એમના 'અક્કલ અને ઈસ્કોતરો' નામે બાળવાર્તાસંગ્રહ વાંચી લખ્યું હતું કે, 'ટી.વી પર મૂકવા જેવી વાર્તાઓ છે. આ દિશામાં પગલાં ભરાય તો ઘણું ઉત્તમ થશે.'

પ્રવર્તમાન સમયમાં શિક્ષણનું ભારણ, વિભક્ત કુટુંબવ્યવસ્થા, દૂરદર્શન- અને ચેનલો અને કમ્પ્યુટરનું આક્રમણ, વ્યવસાયી માતાપિતાની પાસે સમયનો અભાવ વગેરે કારણે બાળકને પરીઓની સૃષ્ટિમાં વિહરવાનો, કાગડો-પોપટ-ચકલી-સિંહ-વાઘ-વરુ-વાંદરો વગેરેની સોબત માણવાનો, અદ્ભુત સૃષ્ટિમાં વિહરવાનો વખત નથી. આપણે આશા રાખીએ કે શ્રી રમણલાલ સોનીને વિશાળ બાળકથા સૃષ્ટિમાંથી પસંદ કરેલી વાર્તાઓનો આ સંગ્રહ બાળકોની વાર્તાભુખને સંતોષશે.

**સંદર્ભ સૂચિ**

૧. "લાડુની જાત્રા અને બીજી વાર્તાઓ"